અપની નિગાહ મેં હમે રખના, શીખે હમ નેક રાહ પર ચલના, તેરી પનાહમે હમે રખના, શીખે હમ નેક રાહ પર ચલના

**રાજ્યમાં વધુ ૧૨૦૬૪ નવા કેસ : ગાંધીનગરમાં ૨૮૬ : અમદાવાદમાં ૩૮૩૭**

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૫૭ | ૮ મે, ૨૦૨૧, શનિવાર; ચૈત્ર વદ - ૧૨ | પાનાં - ૬ કિંમત રૂ. ૨.૦૦


# કોરોનાની તબાહી : નવા ૪.૧૪ લાખ કેસ

**દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૯૨૦નાં મૃત્યુ થયા : ભારતમાં કોરોના સંક્રમિતોની કુલ સંખ્યા અંદાજે ૨,૧૪,૮૪,૯૧૧ થઈ : મૃતકોની સંખ્યા વધીને ૨,૩૦,૧૬૮ પર પહોંચી**



નવી દિલ્હી,તા.૫

નવી દિલ્હીઃ ભારતમાં કોરોના તબાહી મચાવી રહ્યો છે. દેશમાં કોરોના વાયરસના નવા કેસ દરરોજ નવો રેકોર્ડ તોડી રહ્યાં છે. ભારતમાં એક દિવસમાં કોરોનાથી સંક્રમિત થનારની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે અને આ આંકડો હવે ૪.૧૪ લાખ પાર કરી ગયો છે. સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે દેશમાં ૨૪ કલાકમાં કોરોના સંક્રમણના ૪ લાખ ૪૧ હજાર ૪૩૩ નવા કેસ સામે આવ્યા છે અને ૩૯૨૦ લોકોના મૃત્યુ થયા છે. આ રીતે દેશમાં કોરોના સંક્રમિતોની કુલ સંખ્યા આશરે ૨,૧૪,૮૪,૯૧૧ થઈ ગઈ છે અને મૃતકોની સંખ્યા વધીને ૨,૩૦,૧૬૮ પર પહોંચી ગઈ છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા અનુસાર દેશમાં એક્ટિવ કેસની સંખ્યા ૩૫,૬૬,૩૯૮ છે, જે સંક્રમણના કુલ કેસના ૧૬.૯૨ ટકા છે. કોવિડ-૧૯ સાજા થનારાનો રાષ્ટ્રીય દર ઘટીને ૮૧.૯૯ ટકા થઈ ગયો છે. બીમારીથી સાજા થનારા લોકોની સંખ્યા વધીને ૧,૭૫,૯૭,૧૩૭ થઈ ગઈ છે, જ્યારે મૃત્યુદર ૧.૦૯ ટકા છે. ભારતમાં કોરોનાના કેસે સાત ઓગસ્ટે ૨૦ લાખનો આંકડો પાર કર્યો હતો. ત્યારબાદ સંક્રમણના કેસ ૨૩ ઓગસ્ટે ૩૦ લાખ, પાંચ સપ્ટેમ્બરે ૪૦ લાખ અને ૧૬ સપ્ટેમ્બરે ૫૦ લાખને પાર થયા હતા.

## દિલ્હીને રોજ ૭૦૦ મે. ટન ઓક્સિજન સપ્લાય કરવો જ પડશે : સુપ્રીમ કોર્ટ

**સપ્લાય ત્યાં સુધી ચાલુ રહશે જ્યાં સુધી અમારા હુકમમાં બીજા કોઈ બદલાવ ના આવે, ચુકાદો લખાઈ ચુકયો છે અને વેબસાઈટ પર અપલોડ પણ કરાશે**

નવી દિલ્હી, તા. ૭

દિલ્હીમાં કોરોનાના કહર વચ્ચે ઓક્સિજન સપ્લાય અંગે ચાલી રહેલી સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારની ભારે ઝાટકણી કાઢી છે.

સુપ્રીમ કોર્ટે કહ્યુ હતુ કે, કેન્દ્ર સરકાર અમને આકરા નિર્ણય લેવા માટે મજબૂર ના કરે.દિલ્હીને સરકારે રોજ ૭૦૦ મેટ્રિક ટન ઓક્સિજન સપ્લાય કરવો જ પડશે.આ સપ્લાય ત્યાં સુધી ચાલુ રહશે જ્યાં સુધી અમારા આદેશમાં બીજા કોઈ બદલાવ ના આવે.આ માટેનો ચુકાદો લખાઈ ચુકયો છે અને તેને વેબસાઈટ પર અપલોડ પણ કરી દેવાશે.૭૦૦ મેટ્રિક ટન ઓક્સિજન આપવાનો આદેશ એક દિવસ માટે નથી.કેન્દ્ર એવી સ્થિતિ ના ઉભી કરે કે અમારે આકરુ વલણ અપનાવવુ પડે.

આ પહેલા દિલ્હીની કેજરીવાલ સરકારે કેન્દ્ર સરકાર પાસે માંગ કરી હતી કે, જો અમને રોજ ૭૦૦ મેટ્રિક ટન ઓક્સિજન રપ્લાય મળે તો અમે દિલ્હીમાં ૯૫૦૦ જેટલા બેડની વ્યવસ્થા કરી શકીશુ. જો પૂરતો ઓક્સિજન સપ્લાય મળે તો




દિલ્હીમાં ઓક્સિજનની અછતથી કોઈની મોત નહીં થાય તેની ખાતરી અમે આપીએ છે.

ઉલ્લેખનીય છે કે, દિલ્હીની વિવિધ હોસ્પિટલોમાં આ પહેલા ઓક્સિજનની અછતથી કોરોનાના સેંકડો દર્દીઓ જાન ગુમાવી ચુક્યા છે અને હવે આ મામલે સુપ્રીમ કોર્ટે પણ સરકાર સામે લાલ આંખ કરી છે.

## રાજસ્થાનમાં ૨૪મી સુધી લોકડાઉન લંબાવાયું

**લોકડાઉન દરમિયાન રાજસ્થાનમાં લગ્નો પર પ્રતિબંધની સાથે ઈમરજન્સી સેવાઓને છોડીને સંપૂર્ણ પ્રતિબંધ રહેશે**

નવી દિલ્હી, તા. ૭

રાજસ્થાનમાં વધી રહેલા કોરોના સંક્રમણને ધ્યાનમાં રાખીને ગેહલોત સરકારે ગુરૂવારે લોકડાઉન લંબાવવાની જાહેરાત કરી હતી. અશોક ગેહલોત સરકારે કરેલી જાહેરાત પ્રમાણે રાજસ્થાનમાં ૧૦ મે સવારે ૫:૦૦ વાગ્યાથી ૨૪ મે સવારે ૫:૦૦ વાગ્યા સુધી લોકડાઉન લાગુ રહેશે. એટલું જ નહીં, રાજ્યમાં ૩૧મી મે સુધી લગ્ન સમારંભો પર પણ પ્રતિબંધ રહેશે.

લોકડાઉન દરમિયાન રાજસ્થાનમાં લગ્નો પર પ્રતિબંધની સાથે જ ઈમરજન્સી સેવાઓને છોડીને અન્ય તમામ ગતિવિધિઓ પર પણ સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. મુખ્યમંત્રી અશોક ગેહલોતે કેબિનેટની બેઠક બાદ સંપૂર્ણ લોકડાઉન લાગુ કરવાની જાહેરાત કરી હતી. લોકડાઉનના નિયમો અંતર્ગત રાજ્યમાં ૩૧મી મે સુધી વિવાહ સંબંધી કોઈ પણ જાતના સમારંભ, ડીજે, જાન અને વિદાય તથા પ્રીતિભોજની મંજૂરી નહીં મળે. ઘરે અથવા કોર્ટ મેરેજ તરીકે લગ્નની મંજૂરી આપવામાં આવશે જેમાં ફક્ત ૧૧ લોકો જ સામેલ થશે અને તેની સૂચના ગવર્મેન્ટ પોર્ટલ પર આપવાની રહેશે.

લગ્નોમાં બેંડવાજા, રસોયા, ટેન્ટ કે આ પ્રકારની સેવાઓ સાથે સંકળાયેલા કોઈ વ્યક્તિને સામેલ થવાની મંજૂરી નહીં મળે. લગ્નો માટેના ટેન્ટ હાઉસ અને રસોયા સાથે સંબંધિત કોઈ પણ પ્રકારના સામાનની હોમ ડિલિવરી પણ નહીં થઈ શકે. લગ્ન સમારંભો માટે મેરેજ ગાર્ડન, મેરેજ હોલ અને હોટેલ પરિસર બંધ રહેશે.

## તમિલનાડુમાં એમકે સ્ટાલિને મુખ્યમંત્રીપદે શપથ ગ્રહણ કર્યા




નવી દિલ્હી, તા. ૭

તમિલનાડુમાં દ્રમુક પ્રમુખ એમકે સ્ટાલિને શુક્રવારે ચેન્નાઈ ખાતે મુખ્યમંત્રી પદના શપથ ગ્રહણ કર્યા હતા. મંત્રીમંડળમાં તેમના સિવાય ૩૩ સદસ્યો સામેલ થયા હતા. તેમાં અનુભવી અને વરિષ્ઠ નેતા દુરઈમુરૂગમ ઉપરાંત આશરે ૧૨ નવા સદસ્યો પહેલી વખત મંત્રી બન્યા હતા. રાજભવન દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદન પ્રમાણે રાજ્યપાલ બનવારીલાલ પુરોહિતે સ્ટાલિન દ્વારા સોંપવામાં આવેલી મંત્રીઓ અને તેમના વિભાગોની યાદીને મંજૂરી આપી દીધી હતી.

## ગોવા, દિલ્હી અને બંગાળમાં ત્રણમાંથી એક વ્યક્તિ પોઝિટિવ

**૨૦ રાજ્યોમાં પોઝિટિવિટી રેટ સૌથી વધુ છે : કેટલાક રાજ્યોમાં લોકડાઉન લાગુ કરાયા પછી પણ કોરોનાના કેસમાં વધારો થઈ રહ્યો છે, ઘણાં રાજ્યો રેકોર્ડ તોડી રહ્યા છે**

નવી દિલ્હી,તા.૭

દેશમાં ઓછામાં ઓછા ૧૩ રાજ્યોમાં કોરોના પોઝિટિવ રેટ ૨૧% કે તેના કરતા વધારે છે. જેમાં રાજધાની દિલ્હીનો પણ સમાવેશ થાય છે જ્યાં ૨૧ એપ્રિલથી ૪ મે વચ્ચેનો પોઝિટિવ રેટ ૩૧.૭% રહ્યો છે. આ દરમિયાન ગોવાનો પોઝિટિવ રેટ લગભગ ૪૧% રહ્યો છે જે ભારતમાં સૌથી વધુ છે. પોઝિટિવિટી રેટનો આટલો વધારો એ દર્શાવે છે કે કેસો અંડર-રિપોર્ટ થઈ રહ્યા છે અને ટેસ્ટિંગ વધારવાની જરુર છે. ઘણાં રાજયોમાં પ્રતિબંધો લગાવવામાં આવ્યા છે, આમ છતાં કેસલોડ વધી શકે છે. માર્ચમાં જ્યાં માત્ર એક રાજયમાં પોઝિટિવિટી રેટ ૭%થી ઉપર હતો, ત્યારે હવે ઓછામાં ઓછા ૨૦ રાજ્યોમાં પોઝિટિવિટી રેટ સૌથી વધુ છે. દિલ્હીમાં ૮ એપ્રિલથી ૨૧ એપ્રિલ વચ્ચે પોઝિટિવિટી રેટ ૧૯% હતો જે ૨૧ એપ્રિલથી ૪ મે વચ્ચે વધીને ૩૨% પર પહોંચી ગયો. ગોવા અને દિલ્હી સિવાય પશ્ચિમ બંગાળમાં પણ આ દરમિયાન પોઝિટિવિટી રેટ ૩૦% કરતા વધારે છે. આખા દેશની વાત કરીએ તો ૨૧ એપ્રિલથી ૪ મે વચ્ચે કોરોના પોઝિટિવિટી રેટ ૨૧% કરતા વધારે થઈ ગયો છે, જ્યારે માર્ચમાં તે ૩-૪% વચ્ચે હતો. જોકે, મહારાષ્ટ્રમાં સંક્રમણની ગતિ થોડી ધીમી પડી છે. અહીંનો પોઝિટિવિટી રેટ ૨૫% (૮થી ૨૧ એપ્રિલ)થી ઘટીને ૨૩% (૨૧ એપ્રિલથી ૪ મે) થયો છે. છત્તીસગઢમાં પોઝિટિવિટી રેટમાં ૧%નો ઘટાડો આવ્યો છે, પરંતુ હાલ તેની ટકાવારી ૨૮% છે.

## સોનુ સુદની ટીમે ઓક્સિજન પહોંચાડી ૨૨નાં જીવ બચાવ્યા

**બેંગલુરુની હોસ્પિટલમાં ઓક્સિજન વિના બેનાં મોત થયા હતા અને મેસેજ મળતાં સોનુની ટીમે મદદ કરી**

બેંગલુરુ, તા. ૭

જે કામ સરકાર નથી કરી શકતી તે કામ કેટલાક સેવભાવી વ્યક્તિઓ અને સંસ્થાઓ કરી રહ્યા છે.બોલીવૂડ સ્ટાર સોનુ સૂદ તેમાંથી એક છે.

સોનુ સુદની ટીમે બેંગલુરુમાં સમયસર ઓક્સિજન પહોંચાડીને ૨૨ કોરોના દર્દીઓના જીવ બચાવ્યા છે.મળતી વિગતો પ્રમાણે અડધી રાતે બેંગલુરુના એઆરએકે હોસ્પિટલમાં ઓક્સિજન ખૂટી જાય તેવી સ્થિતિ હતી.સોનુ સુદના ચેરિટી ફાઉન્ડેશનની ટીમને આ જાણકારી પોલીસ થકી મળી હતી.હોસ્પિટલમાં ઓક્સિજન વગર બે દર્દીઓના પહેલા જ મોત થઈ ચુકયા હતા.

આ વાતની જાણકારી મળ્યા બાદ ટીમના સભ્યોએ અડધી રાતે જ દોડધામ કરીને ઓક્સિજન સિલિન્ડરની શોધ ચાલુ કરી હતી.કલાકોની મહેનત બાદ ૧૫ ઓક્સિજન સિલિન્ડર હોસ્પિટલને પહોંચાડવામાં આવ્યા હતા. સોનુ સુદ કહે છે કે, ટીમ વર્ક અને દેશવાસીઓની મદદ કરવાના મક્કમ નિર્ધારના કારણે લોકોની મદદ થઈ શકે છે.જેવો અમને પોલીસનો ફોન આવ્યો કે તરત જ હોસ્પિટલને સિલિન્ડર પહોંચાડવા માટે મદદ શરુ કરી હતી.મોડુ થયુ હોય તો કેટલાય લોકો પોતાના સ્વજનોને ગુમાવી દેત.

સોનુ સુદનુ કહેવુ છે કે, હું એ તમામનો આભારી છું જેમણે આટલી જિંદગીઓ બચાવવા માટે ગઈકાલે રાતે મહેનત કરી હતી.મારી ટીમના સભ્યોની લગન જ મને આગળ વધવાની પ્રેરણા આપે છે.

## કોરોનામાં શહેરી વિસ્તારોમાં ગરીબીનું પ્રમાણ ૨૦% વધ્યું

**ભારતમાં કોરોનાથી લોકોના હાલ બેહાલ : બીજી લહેર બાદ ગરીબ-મધ્યમવર્ગની સ્થિતિ વધુ કફોડી બને તેવી શંકા, એપ્રિલ-મેમાં ૧૦ કરોડ લોકોએ નોકરી ગુમાવી**

નવી દિલ્હી, તા. ૭


ભારતમાં કોરોનાનો કહેર લોકોને મોતના મુખમાં ધકેલી રહ્યો છે અને સાથે સાથે આર્થિક રીતે પણ બેહાલ કરી રહ્યો છે.

મોટી સંખ્યામાં લોકો ગરીબી રેખા નીચે ફરી ધકેલાઈ રહ્યા છે.અઝીમ પ્રેમજી યુનિવર્સિટીના એક રિપોર્ટમાં કહેવાયુ છે કે, કોરોનાનો સૌથી વધારે માર ગરીબોને પડ્યો છે.૨૦૨૦માં માર્ચ મહિનાથી ઓક્ટોબર મહિનાની વચ્ચે ૨૩ કરોડ મજૂરોની કમાણી લઘુતમ વેતન દર કરતા પણ ઓછી થઈ છે.ભારતમાં એક દિવસનો લઘુતમ વેતન દર ૩૭૫ રુપિયા છે.

રિપોર્ટમાં કહેવાયુ છે કે, શહેરી વિસ્તારોમાં ગરીબનુ પ્રમાણ ૨૦ ટકા અને ગ્રામ્ય વિસ્તારોમાં ૧૫ ટકા વધ્યુ છે.જોકે કોરોનાની બીજી લહેર બાદ ગરીબ અને મધ્યમવર્ગની સ્થિતિ વધારે કફોડી બનશે તેવી આશંકા છે.ગયા વર્ષે એપ્રિલ અને મે મહિના દરમિયાન ૨૦ ટકા ગરીબ પરિવારો એવા હતા જેમણે પોતાની પૂરી આવક ગુમાવી દીધી હતી.

લોકડાઉનના બે મહિના એટલે કે એપ્રિલ અને મે દરમિયાન લગભગ ૧૦ કરોડ લોકોએ નોકરી ગુમાવી હતી.જ્યારે ૧.૫ કરોડ લોકો આખુ વર્ષ બેકાર રહ્યા હતા. કોવિડની સૌથી વધારે અસર યુવા વર્ગ પર પડી છે.૧૫ થી ૨૪ વર્ષના વર્ગમાં ૩૩ ટકા લોકોને ડિસેમ્બર સુધી રોજગાર મળ્યો નથી.જ્યારે ૨૫ થી ૪૪ વર્ષના ૬ ટકા લોકો રોજગાર ગુમાવી ચુક્યા હતા.


REQUIRED
Equity Dealer for NSE - F & O
Pay Rs.12500 to 17000
+ INCENTIVE
Call - 99747 03401

**દુ:ખદ અવસાન**

મારા ધર્મપત્નિ
સ્વ.લીલાબેન આનંદપુરી ગોસાઈ
નું તા.૦૬-૦૫-૨૦૨૧ ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે.

વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખી સદ્દગતનું બેસણું તથા લૌકિક-ક્રિયા બંધ રાખેલ છે.

આનંદપુરી સોમપુરી ગોસાઈ

વિનોદપુરી આનંદપુરી ગોસ્વામી (પુત્ર) (મો.૯૮૨૪૯ ૯૯૬૩૭)
અતુલપુરી આનંદપુરી ગોસ્વામી (પુત્ર) (મો.૯૪૨૭૬ ૩૫૪૭૭)
અશોકપુરી આનંદપુરી ગોસાઈ (પુત્ર) (મો.૯૮૨૪૬ ૫૫૭૦૭)
અનિલપુરી આનંદપુરી ગોસાઈ (પુત્ર) (મો.૯૮૨૪૫ ૨૪૮૫૪)


FIGHT CORONA
Maunil Shah
M. 90998 72551
Sanitization & Disinfection
સેનેટાઈઝ સર્વિસ
FDA & ISO સર્ટીફીકેટ વાળા સેનેટાઈઝર સ્પ્રે થી ક્વોરનટાઈન પહેલા અને પછી પણ સર્વિસ આપવામાં આવશે.
Portable Oxygen Cans Available For Emergency use
All COVID Fight Products Available



શ્રધ્ધાદીપ ડાયેગ્નોસ્ટીક્સ
કોરોનાના લીધે હૃદય પર થતી અસર અને આડઅસરના નિદાન માટે
કેમ્પ
DR. BONNY GAJJAR (MD, DM)
Consultant Interventional Cardiology
8980009499 | 9409583530
• હૃદયની તપાસ
• ECG
• ECHO
• TMT
• ડૉક્ટર કન્સલટેશન
પ્લોટ નં-૩૨૮, ૩૨૯, સેક્ટર-૧૬, ICICI બેંકની પાછળ, ગાંધીનગર.
Date : 9th May 2021, Sunday
Time : 9:00 am to 1:00 pm



સરકાર માન્ય
વાછાણી COVID-19 હોસ્પિટલ
૨૪X૭ આપની સેવામાં ઉપલબ્ધ
સરનામું: પ્લોટ નં.૧૫૨૬, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
95123 55568 | 95123 55569
ઉપલબ્ધ સારવાર
૮ બેડ ICU | ૧૬ બેડ HDU (High Dependency Unit) | ૧૭ બેડ જનરલ વોર્ડ
વેન્ટિલેટર | બાઈપેપ | હિમોડાયાલિસિસ | OPD સ્કેન | ડિજીટલ X-Ray | પેથોલોજી
સોનોગ્રાફી | 2D Echo | બ્લડ બેન્ક ટાય-અપ | એમ્બ્યુલન્સ સેવા
કોવિડ-૧૯ OPD - સવારે ૯.૦૦ થી ૧૧.૦૦
નોંધ: વાછાણી હોસ્પિટલ, કુડાસણ નોનકોવિડ શાખા છે.
COVID CARE AT HOME BY VACHHANI COVID HOSPITAL